શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



PIONEERS OF TMT BARS IN GUJARAT

HY-TUF
TMX TMT / QST Bars



ભાવ, વજન અને ક્વોલીટી માટે મીલ માન્ય માત્ર એક જ ઓથોરાઈઝડ, સ્ટોકીસ્ટ :

એમ. લોખંડવાલા એન્ડ કાં.

તીલક મેદાન, વસંત ટોકીઝની ગલી, બેગમપુરા, સુરત.
ફોન: ૨૪૨૬૫૯૨ મો. ૯૯૭૯૯-૭૭૬૨૦
અમારી કોઈ શાખા બુકિંગ ઓફીસ કે ગોડાઉન અન્યત્ર નથી.
Look for Hy-Tuf mark on genuine TMT bars | IS 1786:2008 CM/L-7415771 | ISO 9001:2015 COMPANY



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૦ * * * સંવત ૨૦૭૯ માગશર સુદ એકમ, ગુરુવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૨ * * * દૈનિક : ૮૭ - અંક : ૨૩

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦


# ચૂંટણી પંચમાં નિમણૂક મામલે કેન્દ્ર-સુપ્રીમ વચ્ચે તનાતની

**ચૂંટણી પંચ સ્વાયત્ત હોવું જોઈએ અને કમિશનરની નિમણૂકમાં સુધારો જરૂરી**

» કાલે ઉઠીને વડા પ્રધાન સામે કાર્યવાહી કરવાની હોય અને ન કરે તો શું? » ચૂંટણી પંચમાં યસ મેન ન ચાલે, શેષન જેવી વ્યક્તિ ક્યારેક જ થાય: સુપ્રીમમાં હાઇ વૉલ્ટેજ સુનાવણી » પસંદગી સમિતિમાં મુખ્ય ન્યાયમૂર્તિ હોવા જોઇએ

નવી દિલ્હી, તા. 23: ભારતના ચૂંટણી પંચની સ્વાયત્તા પર સર્વોચ્ચ અદાલતે આજે પ્રશ્ન ઉઠાવતા કેન્દ્ર સરકારને પૂછ્યું હતું, 'શું તમને લાગે છે કે જો ચૂંટણી આયુક્તને વડા પ્રધાન વિરૂદ્ધ કાર્યવાહી કરવાની હોય અને તે કાર્યવાહી ન કરે, તો શું આ સંપૂર્ણ રીતે સિસ્ટમ તૂટવાનો કિસ્સો નહીં હોય? અદાલતે કહ્યું હતું કે ચૂંટણી પંચ સંપૂર્ણ રીતે અલગ હોવું જોઈએ અને સરકારે ચારિત્ર્યવાળા વ્યક્તિની નિયુક્તિની વાત કરી હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. ચરિત્રમાં વિવિધ ઘટકો હોય છે તેમાં એક ખાસ ચરીત્રની જરૂરિયાત છે 'સ્વતંત્રતા'. જસ્ટિસ કે એમ જોસેફની અધ્યક્ષતાવાળી 5 જજોની બંધારણીય બેન્ચ ચૂંટણી કમિશ્નરની નિયુક્તિની પ્રક્રિયામાં સુધારો કરવા માટેની અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે પૂર્વ મુખ્ય ચૂંટણી આયુક્ત સ્વ. ટી એન શેષનનો પણ ઉલ્લેખ કરતા કહ્યું હતું તેમની જેવી વ્યક્તિ ક્યારેક જ થાય છે. બંધારણીય બેન્ચે કહ્યું હતું બંધારણે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરના નાજુક ખભા પર મોટી શક્તિઓ રાખેલી છે. જસ્ટિસ જોસેફે કહ્યું હતું, 'યોગ્યતા ઉપરાંત મહત્વપૂર્ણ છે કે તમારે ચરિત્રવાળી કોઈ વ્યક્તિની જરૂર છે. કોઈ એવી વ્યક્તિ જે સ્વતંત્ર હોય, આવી વ્યક્તિની નિયુક્તિ કોણ કરશે? સિલેક્શન કમિટિમાં મુખ્ય ન્યાયાધીશની હાજરી હોવાથી એવો સંદેશ જશે કે નિયુક્તિમાં કોઈ ગરબડી નહીં થાય. આપણને સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ જોઈએ અને તે

...અનુસંધાન પાના 5 પર

## એચપી 6000 કર્મચારીઓને છૂટા કરશે

**નવી દિલ્હી, તા. 23.** મેટા, ટ્વિટર અને એમેઝોન બાદ હવે વધુ એક ટેક કંપનીએ નોકરીઓ કાપવાનો નિર્ણય લીધો છે. લેપટોપ અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદક હેવલેટ પેકાર્ડ એટલે કે એચપી ઇન્ક લગભગ 6,000 લોકોને છૂટા કરી શકે છે. આ તેના કુલ કર્મચારીઓના લગભગ 12% છે. એચપી પાસે હાલમાં 50,000થી વધુ કર્મચારીઓ છે. જોકે, કંપનીની છટણી યોજના 2025 સુધીમાં પૂર્ણ થવાની છે. એચપીએ આ જાહેરાત તેના નાણાકીય વર્ષ 2022ના સંપૂર્ણ વર્ષના અહેવાલ દરમિયાન કરી છે. કોરોના રોગચાળા દરમિયાન પીસી અને લેપટોપ સેગમેન્ટમાં જોરદાર તેજી જોવા મળી હતી. જોકે, હવે વેચાણમાં ઘટાડો થયો છે. જેના કારણે એચપીએ

...અનુસંધાન પાના 5 પર

## એઇમ્સ-દિલ્હીનું સર્વર ડાઉન, રેન્સમવેરની શંકા

**નવી દિલ્હી, તા. 23 (PTI),** એઇમ્સ-નવી દિલ્હી ખાતે વપરાતી નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટરની ઈ-હોસ્પિટલ માટેનું સર્વર બુધવારે સવારે 7 વાગ્યાથી ડાઉન છે, જેના કારણે હેલ્થકેર સેન્ટરના આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (ઓપીડી) અને સેમ્પલ કલેક્શન સેવાઓને અસર થઈ છે. આ તમામ સેવાઓ હાલમાં મેન્યુઅલ મોડ પર ચાલી રહી છે, એમ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ)ના સત્તાવાળાઓએ જણાવ્યું હતું. એઇમ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ' 'એઇમ્સ ખાતે કાર્યરત નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (એનઆઈસી)ની એક ટીમે માહિતી આપી છે કે, આ રેન્સમવેર એટેક હોઈ શકે છે, જેની જાણ કરવામાં આવી રહી છે અને યોગ્ય કાયદા અમલીકરણ

...અનુસંધાન પાના 5 પર

## ચૂંટણી કમિશનર તરીકે ગોયલની નિમણૂક સુપ્રીમની તપાસ હેઠળ, ફાઇલ મગાવી

**અમે જાણવા** માગીએ છીએ કે બધું બરાબર છે ને, કોઇ તરકત તો નથીને, કેન્દ્રએ વિરોધ કર્યો





નવી દિલ્હી, તા. 23. ચૂંટણી કમિશનર અરુણ ગોયલની નિમણૂક બુધવારે સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસ હેઠળ આવી હતી, જેણે કેન્દ્ર પાસેથી તેમની નિયુક્તિને ધ્યાનમાં રાખીને મૂળ રેકોર્ડ્સ માગ્યા હતા અને કહ્યું હતું કે તે જાણવા માગે છે કે આમાં કોઈ તરકટ તો નથીને.

મૂળ ફાઈલ રજૂ કરવાના તેના આદેશ અંગે કેન્દ્રના વાંધાઓને નકારી કાઢનાર ટોચની અદાલતે કહ્યું હતું કે તે જાણવા માગે છે કે સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યા મુજબ નિમણૂક પ્રક્રિયામાં બધું જ બરાબર હતું કે નહીં.

ન્યાયાધીશ કે એમ જોસેફની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે કહ્યું કે તે જાણવા માગે છે કે 19 નવેમ્બરના રોજ ચૂંટણી કમિશનર તરીકે ગોયલની નિમણૂકમાં કોઈ "તરકટ" હતું કે કેમ, કારણ કે તેમને તાજેતરમાં જ સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ આપવામાં આવી હતી.

ખંડપીઠે ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂકના મોટા મુદ્દાની સુનાવણી કરતી વખતે ફાઇલ જોવાના આગ્રહ અંગે એટર્ની

...અનુસંધાન પાના 5 પર

## ચૂંટણી પંચની નિમણૂક પેનલમાં ન્યાયાધીશ રાખવાથી પારદર્શક્તા સુનિશ્ચિત થશે તેવું માનવું ખોટું: કેન્દ્ર

**(એજન્સી) નવી દિલ્હી તા. 23.** કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટેની પેનલમાં ન્યાયતંત્રમાંથી કોઈની હાજરી જ પારદર્શક્તા અને સ્વતંત્રતા સુનિશ્ચિત કરશે તેવી ખોટી ધારણા છે. કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, "ન્યાયતંત્રની હાજરીથી જ સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પ્રાપ્ત થશે તેવી પૂર્વધારણા, એ બંધારણનું ખોટું વાચન છે.

...અનુસંધાન પાના 5 પર

## અદાલતે ચૂંટણી કમિશ્નરની નિયુક્તિ પર પ્રશ્ન ઉઠાવ્યા બાદ વિરોધી પક્ષોના ભાજપ સરકાર પર પ્રહારો

**શું કેન્દ્રએ** કંઈક છુપાવવું છે? શું દાળમાં કંઈક કાળુ છે?: કોંગ્રેસ

નવી દિલ્હી, તા. 23 (PTI): સર્વોચ્ચ અદાલતે હાલમાં જ ચૂંટણી આયુક્ત તરીકે અરૂણ ગોયલની નિયુક્તિ પર ફાઈલ તેની સામે મૂકવા કેન્દ્રને કહ્યુ હતું ત્યારબાદ વિરોધી પક્ષોએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે ભાજપ સરકાર ચૂંટણી પંચને નબળુ કરી રહી છે અને પંચના સભ્યોને પસંદ કરવાની પ્રક્રિયા પર શંકા વ્યક્ત કરી હતી. કોંગ્રેસ, ટીએમસી, જેડી (યુ), આરજેડી અને ડાબેરી પક્ષોએ કહ્યું હતું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા ચૂંટણી પંચે બોર્ડથી ઉપર રહેવું જોઈએ, અમુક પક્ષોએ માગ કરી હતી કે ચૂંટણી પંચમાં મહત્વના પદો પર નિયુક્તિ વિશેષ પેનલ દ્વારા કરવામાં આવે જેમ કે સીબીઆઈના નિદેશકના કિસ્સામાં કરાય છે.

...અનુસંધાન પાના 5 પર

## રશિયાના હુમલા બાદ યૂક્રેનના મોટા ભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો



● યુક્રેનના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે રાતોરાત રોકેટ હુમલામાં દક્ષિણ યુક્રેનમાં હોસ્પિટલના એક મેટરનિટી વોર્ડનો નાશ થયો હતો, જેમાં 2 દિવસના બાળકનું મોત નીપજ્યું હતું.

**કીવ, તા. 23 (AP):** રશિયાએ વધુ એક હુમલો કરતા યુક્રેનના વીજ માળખાને નિશાન બનાવ્યા હતા, જેના પગલે દેશના છેલ્લા 3 પૂર્ણ રીતે કાર્યરત અણુ વીજ પ્લાન્ટને ગ્રિડથી અલગ કરવાની ફરજ પડી હતી જેના પગલે મોટાભાગના લોકો વીજળી વગરના થયા હતા, એમ ઊર્જા મંત્રાલયે કહ્યું હતું.

મંત્રાલયે બુધવારે સોશિયલ મીડિયામાં કહ્યું હતું, વીજ કર્મચારીઓ પુરવઠાને ફરીથી શરૂ કરવા કામ કરી રહ્યા છે પણ નુકસાન વધુ થયું છે એટલે અમને થોડો સમય લાગશે. યુક્રેનના માળખાઓ પર રશિયાના નવા હુમલાથી દેશના મોટાભાગના વિસ્તારોમાં સાથે જ પાડોશી મોલજોવામાં વીજળી જતી રહી હતી, જેના પગલે યુક્રેનના વીજ

...અનુસંધાન પાના 5 પર

## અમેરિકામાં વોલમાર્ટના મેનેજરે સ્ટોરમાં ગોળીબાર કર્યો, 6નાં મોત

**આ બનાવમાં** 4 લોકો ઈજાગ્રસ્ત થયા, મેનેજરે બાદમાં પોતાને ગોળી મારી આપઘાત કર્યો

**3 દિવસમાં** જ અમેરિકામાં સામૂહિક હત્યાનો બીજો બનાવ





ચેસાપીકે (અમેરિકા), તા. 23 (AP): વર્જિનિયામાં મંગળવારની મોડી રાત્રે વોલમાર્ટના એક મેનેજરે સ્ટોરમાં સાથી કર્મચારીઓ પર ગોળીબાર કરતા 6 લોકોનાં મૃત્યુ થયાં હતાં, એમ પોલીસે કહ્યું હતું. થોડા દિવસોમાં જ અમેરિકામાં આ સામૂહિક હત્યાનો બીજો બનાવ બન્યો છે.

ચેસાપીકેમાં આવેલો સ્ટોર હવે સુરક્ષિત છે અને તપાસ દરમિયાન થોડાક દિવસ સુધી તે બંધ રહેશે, એમ અધિકારી લિયો કોસિન્સકીએ બુધવારની વહેલી સવારે કહ્યું હતું.

દેખીતી રીતે હત્યારાએ પોતાને પણ ગોળી મારી હતી. આ ગોળીબારનો ઉદ્દેશ્ય ખબર નથી પડી જેમાં 4 લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. મંગળવારની રાત્રે હુમલો થયો તે પહેલાં સ્ટોર વ્યસ્ત હતો કારણ કે થેંક્સ ગિવિંગની રજાઓ પહેલાં લોકો સામાન ભેગો કરી રહ્યા હતા. કર્મચારી બ્રિયાના ટેલરે કહ્યું હતું કર્મચારીઓ સ્ટોરના બ્રેકરૂમમાં ભેગા થયા હતા જેમ કે તેઓ શિફ્ટ શરૂ થતા પહેલાં ભેગા થાય છે. ત્યારે મેનેજર રૂમમાં આવ્યો અને તેણે ગોળીબાર શરૂ કર્યો હતો જેમાં કેટલાંક લોકો નીચે જમીન પર પડી ગયા હતા. જો કે પોલીસે હત્યારાનું નામ આપ્યું ન હતું. અમેરિકામાં સામૂહિક હત્યાનો રેકોર્ડ

...અનુસંધાન પાના 5 પર

## કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે

**શ્રીનગર/શિમલા તા. 23 (PTI).** કાશ્મીરમાં ઠંડીની સ્થિતિ સેટ થઈ ગઈ છે. કારણ કે, મોટા ભાગનાં સ્થળોએ રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે નોંધાયું છે. આમ છતાં હવામાન કચેરીએ આ મહિનાના અંત સુધી ઠંડી રાત સાથે શુષ્ક હવામાનની આગાહી કરી છે. જ્યારે હિમાચલના પહાડો પર ગયા અઠવાડિયે થયેલી હિમવર્ષાની અસર હવે મેદાની વિસ્તારોમાં દેખાઈ રહી છે. પડોશી પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના મોટા ભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી ગયું હતું. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દક્ષિણ કાશ્મીરમાં કોકરનાગ સિવાય સમગ્ર ખીણમાં પારો મંગળવારે રાત્રે ફ્રીઝ બિંદુથી

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૩-૧૧-૨૦૨૨નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૨° સે. | ૧૭.૦° સે. | ૩૨% |

## દિલ્હીમાં ડ્રગ્સના બંધાણીએ પોતાના આખા પરિવારની હત્યા કરી

**25** વર્ષીય યુવકે એક ઝઘડા બાદ પોતાના માતા-પિતા, બહેન અને દાદીને મારી નાંખ્યા

**થોડા** સમય પહેલાં જ તે પુનર્વસન કેન્દ્રથી ઘરે પરત આવ્યો હતો

નવી દિલ્હી, તા. 23 (PTI): દિલ્હીના પાલમ વિસ્તારમાં એક 25 વર્ષીય માદક દ્રવ્યના બંધાણીએ કથિત રીતે તેના માતા પિતા, બહેન અને દાદીની ચપ્પુ મારી હત્યા કરી હતી, થોડા સમય પહેલાં જ તે પુનર્વસન કેન્દ્રથી ઘરે આવ્યો હતો, એમ પોલીસે બુધવારે કહ્યું હતું.

કેશવે મંગળવારની રાતે એક ઝઘડા બાદ પોતાના આખા પરિવારની હત્યા કરી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું અને ઉમેર્યું હતું કે મૃતદેહો તેમના ઘરે અલગ અલગ રૂમમાં મળ્યા હતા જ્યારે આખા ઘરમાં લોહી ફેલાયલું હતું.

મૃતકોની ઓળખ દાદી દીવના દેવી (75), પિતા દિનેશ (50), માતા દર્શના અને બહેન ઉર્વશી (18) તરીકે થઈ હતી.

કેશવ ચપ્પુના ઘા કરી રહ્યો હતો ત્યારે તેના પરિવારની ચીસોથી તેના અમુક સંબંધીઓ જે તે જ ઈમારતમાં રહેતા હતા અને પાડોશીઓ ત્યાં દોડી આવ્યા હતા. આ હત્યા એવા સમયે થઈ છે જ્યારે થોડા દિવસ પહેલાં જ શ્રદ્ધા વોકરની ભયાનક હત્યાની વાત સામે આવી હતી જે તેના લિવ-ઈન પાર્ટનર આફતાબ પૂનાવાલાએ કરી હતી અને તેના મૃતદેહના 35 ટુકડા કરી દિલ્હીના વિવિધ ભાગોમાં ફેંક્યા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યા મુજબ તેમને મંગળવારની રાત્રે 10.30 વાગે ફરિયાદ મળી હતી કે ઘરના ઉપરના માળ પર લડાઈ થઈ રહી છે. ડીસીપી મનોજ સીએ જણાવ્યું હતું કે જ્યારે પોલીસ ટીમ ત્યાં પહોંચી હતી તેમને પરિવારના

...અનુસંધાન પાના 5 પર


